# વિકસિત અને અવિકસિત દેશ વચ્ચે તફાવત શું છે ?

પછાત અને ધનવાન, વિકસિત અને અવિકસિત દેશ વચ્ચેનો તફાવત તેમની ઉંમર એટલે કે દેશ ક્યારે બન્યો તેના કરણે નથી. જો એવું જ હોત તો ભારત અને ઈજિપ્ત જેવા દેશ ૨૦૦૦ વર્ષ કરતાં પણ જૂના હોવા છતાં આજે પણ કેટલાક અંશે પછાત છે, વિકસિત નથી. બીજી બાજુ કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ જેવા ઘણાં દેશને માત્ર ૧૫૦-૨૦૦ જેટલા જ વર્ષો થયા હોવા છતાં તે દેશ ધનવાન અને વિકસિત છે. ધનવાન અને પછાત દેશ હાવા માટેનું કારણ તેમને મળી આવેલ કુદરતી સંપત્તિ કે સ્રોત નથી. જાપાન એક નાનકડો દેશ છે, જ્યાં ૮૦ ટકા વિસ્તાર પર્વતો અને ખેતી નથઇ શકે તેવો વિસ્તાર છે. પણ તે દુનિયાનો બીજા નંબરનો આર્થિક રીતે સમૃદ્ધ દેશ ગણાય છે. પણ ત્યાં ખૂબ જ મોટા પ્રમાણમાં ઉદ્યોગો વિકાસ પામ્યા છે. જાપાન દુનિયાભરના દેશો પાસેથી કાચો સામાન ખરીદે છે અને તેમાંથી ઉપયોગી અનેકાનેક વસ્તુઓ બનાવીને દુનિયાભરમાં નિકાસ કરે છે. બીજું ઉદાહરણ સ્વીત્ઝરલેન્ડનું લઇ શકાય. સ્વીત્ઝરલેન્ડ પોતે કોકોનું સહેજ પણ ઉત્પાદન કરતો નથી, છતાં દુનિયાની સૌથી સારી ચોકલેટ્સ તે બનાવે છે. આ દેશ પશુપાલનની દ્દષ્ટિએ ખૂબ જ પાછળ છે, તેમજ વર્ષના માંડ ચાર માસ જ તેની જમીનનો ઉપયોગ થાય છે, આમછતાં તે દુનિયાના સૌથી સારા દૂધનું ઉત્પાદન કરે છે. ખૂબ જ નાનો દેશ હોવા છતાં કલ્પના તો કરો કે, એવી તો કેવી સુરક્ષા વ્યવસ્થા હશે કે જ્યાં દુનિયાની સૌથી સુરક્ષિત મોટી વર્લ્ડ બેંન્ક છે.

સમૃદ્ધ દેશોના કે ગરીબ દેશોના અધિકારીઓ કે નાગરિકો વચ્ચે કોઇ નોંધપાત્ર તફાવત દેખાતો નથી. તેમજ જાતિ કે રંગભેદ પણ મહત્ત્વના પરિબળો નથી, તો એવાં કયાં પરિબળો છે જે પરિબળો જે તે દેશને પછાત કે ધનવાન અથવા તો વિકસિત કે અવિકસિત રાખે છે ? બીજી રીતે કહીએ તો પછાત અને ધનવાન દેશોમાં કયો તફાવત જોવા મળે છે ? જેમાં સૌથી મહત્ત્વની બાબત છે જે તે દેશના લોકોનો અભિગમ. વિકસિત અને અવિકસિત કે ગરીબ અને ધનવાન દેશોના લોકોની ચાલચલગત, રીતભાત, રહેણીકરણી, વિચારોનું પૃથક્કરણ કરીશું તો કેટલીક બાબતો-સત્યો આપણી સામે તરી આવે છે. જેમાં નીતિ, સત્યનિષ્ઠા, જવાબદારી, કાયદા કાનૂન માટેનો આદર, કાયદા દ્વારા નાગરિકોનો આદર, કામ પ્રત્યેનો પ્રેમ, કશુંક કરવાની તમન્ના અને નિયમિતતા-સમયપાલન, અન્ય વ્યક્તિમાં માથું મારવું નહીં, પોતાના કામમાં રચ્યા પચ્યા રહેવું , બીજાના અધિકારને પહેલા આદર આપવો, ફરજ પહેલા અધિકાર પછી વગેરે.

હકીકતમાં એવું બને છે કે પછાત કે ગરીબ કે અવિકસિત દેશોમાં ઉપરોક્ત બાબતો એટલે કે મૂળભૂત કાયદાઓનું પાલન કરનાર લોકોની સંખ્યા અત્યંત ઓછી હોય છે. આપણે એટલા માટે ગરીબ નથી કે આપણી પાસે પ્રાકૃતિક સ્રોતનો અભાવ છે અથવા તો પ્રકૃતિ આપણી પાસે નથી, કુદરતનો સાથ નથી. પરંતુ આપણે એટલા માટે ગરીબ કે પછાત કે અવિકસિત છીએ કે આપણામાં અભિગમનો અભાવ છે, વિકસિત કે ધનવાન દેશોના લોકો કે સમાજ પાસે જે નીતિ છે, કામ કરવાના કે શીખવાના જે સિદ્ધાંતો છે, તેનો આપણામાં અભાવ છે. ત્યાં ઓફિસ સમય દરમિયાન પૂરેપુરું કામ કરવામાં આવે છે, રિસેસ સમય સિવાય કોઇપણ વ્યક્તિ કામ છોડીને ટોળટપ્પા કરતું નથી, જ્યારે આપણે ત્યાં બે વાગે રિસેસ પડવાની હોય તો ? દસ મિનિટ પહેલાં ટેબલ પર જે તે વ્યક્તિ ન હોય અને રિસે સમય પૂરો થયા પછી પણ દસ મિનિટ સુધી તે વ્યક્તિ ટેબલ પર ન હોય ! આપણે આ દેશમાં એટલા માટે રહીએ છીએ કારણ કે, આપણે આ દેશ દ્વારા તમામ પ્રકારનો તમામ લોકો પાસેથી લાભ લેવા ઇચ્છીએ છીએ. આપણે જાણીએ છીએ કે, જો થોડુંઘણું ખોટું થશે તો ચાલશે. આવું કોઇના દ્વારા જોઇએ તો પણ કહીએ છીએ કે, આવું તો ચાલે. હકીકતમાં આપણી પાસે જુસ્સાદાર સ્મૃતિ અને અભિગમ

હોવા જ જોઇએ જે નથી. આપણામાં પારકી પંચાત કરવાની ટેવ પડી ગઇ છે, બે વ્યક્તિ ભેગી થઇ અડધો કલાક વાતો કરે તો ત્રીજી કોઇ વ્યક્તિની વાત આવે જ. એટલેકે ઘણીવાર આપણે પારકી પંચાત કરવામાંથી ઊંચાં આવતા જ નથી. આપણું કામ બગાડીને પણ આપણે પંચાત કરવામાં પાવરધા છીએ. જ્યારે ત્યાં તો લોકોની પાસે બીજાની વાત કરવાનો ટાઇમ જ નથી. પોતેપોતાના કામમાં એટલા તો મશગૂલ બની જાય છે કે બીજા પ્રત્યે નજર નાંખવાની ઇચ્છા પણ થતી નથી. આપણે જાણીએ છીએ કે, આપણે ત્યાં ટ્રફિકના નિયમનું પાલન નહી કરીએ તો ચાલશે. પોલીસ પકડશે તો સમજાવી દઇશું કે પચાસની નોટ આપી દઇશું અને પોલીસ પચાસ રૂપિયામાં માની પણ જાય છે. જ્યારે સમૃદ્ધ દેશમાં જો ટ્રફિકના નિયમનું પાલન નકર્યું હોય તો પોલીસ તમને રોકે છે, ત્યાં પચાસ રૂપિયા આપવાની વાત વિચારી જ શકાતી નથી. પોલીસ તમને તમે કરેલા નિયમનો ભંઘ બતાવીને જે તે દંડ કર્યા વગર છોડતી જ નથી. સાથે નિયમનો ભંગ કરનારની સંખ્યા પણ ખૂબ જ ઓછી હોય છે. હું સિંગાપોરમાં ત્રણ દિવસ રોકાયો ત્યારે રોડ પર, કે ચાર રસ્તા પર પોલીસને મેં ક્યાંય જોઇ જ નહોતી. લોકો આપમેળે કાયદાનું પાલન કરતા હતા. જે તેમનો કાયદા પ્રત્યેનો અભિગમ કહી શકાય. સમૃદ્ધ દેશોમાં ભ્રષ્ટાચાર નહી જ ચાલતો હોય તેવું કહેવુંઅતિશ્યોક્તિભર્યું ગણાશે, પણ એટલું નક્કર સત્ય છે કે ત્યાં સામાન્ય માનવીને ભ્રષ્ટાચારનો ભોગ બનવું પડતું નથી. સરકાર કોઇ કાયદો બનાવે, તેની જાહેરાત કરે તો લોકો પ્રેમપૂર્વક જે તે કાયદાને માન આપી પોતાના વર્તન વ્યવહારમાં પરિવર્તન લાવે જ છે. આપણે ત્યાં તો એવું લાગે છે કે, કાયદાને તોડવા માટેની હરીફાઇ લાગતી હોય છે, તેમાં પણ કાયદો તોડયા પછી ગેર આવીને કે મિત્ર વર્તળમાં પાછું છાતી ફૂલાવીને ગર્વ સાથે કહેવાનું કે, મેં આજે આ રીતે કાયદો તોડયો. સાંભળનાર પણ હસીને તેને બિરદાવશે ! આપણે સૌ કામ અને કાયદાને જો માન આપીએ તો મને નથી લાગતું કે, વિકાસ માટે અન્ય કોઇ અડચણ આપણને નડે. આપણી પાસે બધું જ છે, ઘણું છે, નથી માત્ર હકારાત્મક અભિગમ. આપણે ક્યારેક સત્ય કરતાં માન્યતાને વધારે મહત્ત્વ આપીએ છીએ.

અહીં આપેલ બાબત અંગે આપ કોઇ વિચારણા નહીં કરો કે પાલન નહી કરો તો, તમારું કશું જ બગડી જવાનું નથી, તમને કશું જ થવાનું નથી, તમારી નોકરી કે ધંધો ચાલુ જ રહેવાના છે. પણ જો આપણે આપણું નસીબ સુધારવા માંગતા હોઇએ, આપણે આપણા દેશને ચાહતા હોઇએ તો ઉપર જણાવેલ બાબતો કે વિષય પ્રત્યે વિચારણા કરીને કશોક નિર્ણય કરીને પોતાની જાતમાં પરિવર્તન લાવવાની જરૂર છે. એટલું જ નહીં ચાલે આપણે આપણા પરિચિત વ્યક્તિઓને જણાવવું પડશે, સમજાવવા પડશે કે ભાઇ વિચાર અને વર્તનમાં પરિવર્તન લાવો. જો દુનિયાની સાથે રહેવું હોય, વિકસિત થવું હોય દેશને આગળ વધારીને સુખશાંતિથી જીવવું હોય. આ વાત સાચી લાગતી હોય અને મન ચકરાવે ચડે તો અભિગમ બદલીને બીજાનો નકારાત્મક અભિગમ બદલાવા માટે પ્રયત્ન કરજો.

**dr.ashokpatel@in.com**